# અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ ﷺ જીવન-ચરિત્ર અને સંદેશ

: લેખક :

મૌલાના સૈયદ જલાલુદ્દીન ઉમરી

: અનુવાદક :

મુહમ્મદ જમાલ પટીવાલા

# પ્રસ્તાવના

વ્યક્તિત્વનું બ્રહ્માંડ હજારો તારલાઓથી સુશોભિત છે જે સમગ્ર માનવજાતિને રાહ ચીંધી રહ્યા છે, પરંતુ હઝરત મુહમ્મદ ﷺ એક સૂર્યની જેમ તેમાંથી જુદા તરી આવે છે. આપ ﷺ ના શિક્ષણે માનવજીવનમાં સત્ય અને સમાનતા, પ્રેમ અને ભાઈચારા, સ્વતંત્રતા અને ન્યાયની એક એવી ઉષ્મા ઉત્પન્ન કરી કે જોતજોતાં સમગ્ર આરબમાં ક્રાંતિ પેદા થઈ ગઈ. અને આરબ દેશથી બહાર નીકળી તેના પડઘા સમગ્ર વિશ્વમાં સંભળાવા લાગ્યા. એક એવું પરિવર્તન આણ્યું જે જગતે ક્યારેય નિહાળ્યું ન હોતું અને આટલા ટૂંકા સમયગાળામાં કે જેની કલ્પના સુદ્ધાં પણ ન કરી શકાય. આપ ﷺએ કોઈ નવા ધર્મની સ્થાપના ન હોતી કરી, બલ્કે હઝરત આદમ અલૈ.થી શરૂ કરી હઝરત ઈસા અલૈ. સુધી સમયાંતરે અલ્લાહના જે દૂતો સંસારના વિવિધ ખંડોમાં આવીને જે તે સમૂહના લોકોને અલ્લાહની બંદગી અને સંપૂર્ણ આજ્ઞાપાલન તરફ આહ્વાન કરતા રહ્યા તેને પુનઃજીવિત કર્યું. તેમના અનુયાયીઓને સ્વાર્થવૃત્તિ, હઠધર્મી, બેદરકારી, અજ્ઞાનતા અને દુન્યવીપણાના કારણે સત્યધર્મ (ઇસ્લામ) શંકાસ્પદ થઈ ગયો હતો, કેમકે તેમાં વિકૃતિ અને વધઘટ કરી દેવામાં આવી હતી. આપ ﷺ ના ઈશદૂતત્ત્વની વિશેષતા આ છે કે તેઓ અલ્લાહના અંતિમ પયગંબર છે, ક્યામત સુધી આપ ﷺનું શિક્ષણ સંપૂર્ણ, શુદ્ધ, પ્રમાણિક, સચોટ અને સ્વીકાર્ય છે, અને આપ ﷺનું સંબોધન સમગ્ર માનવ સમુદાય માટે છે.

આપ ﷺ ના જીવનના વિવિધ પાસાઓને આવરી લેવા આપ ﷺના જીવન-ચરિત્ર ઉપર હજારો પુસ્તકો લખવામાં આવી ચૂક્યા છે, અને તેની શ્રેણી હજુ ચાલી રહી છે. વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતો, પ્રખર વિદ્વાનો, વિચારકો, આંદોલનકારીઓ અને રાજનેતાઓએ આપ ﷺના જીવનને નજીકથી સમજવાનો પ્રયત્ન કર્યો અને ખૂબ જ પ્રભાવિત પણ થયા. પ્રસ્તુત પુસ્તિકાના લેખક ઈસ્લામ ધર્મના પ્રખર વિદ્વાન છે. તેમણે ખૂબ જ સંક્ષિપ્તમાં હઝરત મુહમ્મદ ﷺના જીવન-ચરિત્ર અને સંદેશને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આશા છે વાચક મિત્રોને પસંદ પડશે.

— ચેરમેન, ઈસ્લામી સાહિત્ય પ્રકાશન

શરૂ અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

# અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ ﷺ જીવન-ચરિત્ર અને સંદેશ

મહિમાવાન અલ્લાહે મનુષ્યનું સર્જન કર્યું અને તેના માટે જીવન-સામગ્રી અર્પણ કરી, જેનાથી તે જીવંત રહે છે અને પોતાની જરૂરિયાતો પૂરી કરે છે. તેના માટે તેણે ધરતી અને તેના ચારે તરફના વાતાવરણમાં આશ્ચર્યચકિત કરી દે એવી વ્યવસ્થા કરી અને તેનાથી લાભાન્વિત થવાના માર્ગો મનુષ્ય માટે સરળ કરી દીધા. એ જ અલ્લાહે મનુષ્યના માર્ગદર્શનની પણ પોતાના તરફથી વ્યવસ્થા કરી, જેથી તે સન્માર્ગ પર ચાલતો રહે, અને અજ્ઞાનતા તથા અણસમજના કારણે પથભ્રષ્ટતામાં ન પડે. તેના માટે જ્યારથી મનુષ્ય આ ધરતી પર આવીને વસ્યો છે, મહાન અલ્લાહે પોતાના રસૂલો (ઈશદૂતો) મોકલ્યા અને તેમાંથી કેટલાક ઉપર પોતાના ગ્રંથો અવતરિત કર્યા. આ ક્રમ હજારો વર્ષો સુધી ભિન્ન-ભિન્ન જાતિઓ અને દેશોમાં ચાલતો રહ્યો. મહાન અલ્લાહના ઈશદૂતો આવતા રહ્યા અને લોકોને સન્માર્ગ બતાવતા રહ્યા. પરંતુ જ્યારે સભ્યતાએ વિકાસ કર્યો, જાતિઓ અને દેશોના સંબંધો વ્યાપક બન્યા અને એક-બીજાના આચાર-વિચારોથી માહિતગાર થવાની તકો તેમને મળવા લાગી, તો મહાન અલ્લાહે સમગ્ર દુનિયાના માર્ગદર્શન માટે અને હંમેશ માટે હઝરત મુહમ્મદ ﷺ ને અંતિમ ઈશદૂત તરીકે મોકલ્યા અને પોતાનો અંતિમ માર્ગદર્શક-ગ્રંથ કુર્આન તેમના ઉપર અવતરિત કર્યો.

## આરંભિક જીવન

હઝરત મુહમ્મદ ﷺ નો જન્મ હિજાઝ દ્વીપકલ્પના પ્રખ્યાત શહેર મક્કામાં (ઈ.૫૭૦ માં) થયો. આપ ﷺ નો સંબંધ કુરૈશ કબીલાથી હતો. કુરૈશ પયગંબરો હઝરત ઈબ્રાહીમ અલૈ. અને હઝરત ઈસ્માઈલ અલૈ.ના વંશ અને તેમણે નિર્માણ કરેલ ખાનએ-કા'બાના વ્યવસ્થાપક હતા. તેથી સમગ્ર અરબસ્તાનમાં ખૂબ જ પ્રતિષ્ઠિત સમજવામાં આવતા હતા. આપ ﷺ ના પિતાનું નામ અબ્દુલ્લાહ અને માતાનું નામ આમિના હતું. આપ ﷺ નો જ્યારે જન્મ થયો, તો પિતાની છત્રછાયાથી

વંચિત થઈ ગયા. માતાએ પોતાના આ અનાથ બાળકને ઉછેરવાનું શરૂ કર્યું. હજુ તેમને છઠ્ઠું વર્ષ ચાલતું હતું અને માતાનો જીવન-દીપ બુઝાઈ ગયો. દાદા અબ્દુલ મુત્તલિબે આપﷺને પોતાના પ્રેમની છાયામાં લઈ લીધા અને પુત્રથી પણ વધારે પ્રેમ અને સ્નેહથી આપﷺનુ પાલન-પાષણ કરવા લાગ્યા. પરંતુ બે જ વર્ષ વીત્યા હતા કે આઠ વર્ષની વયે દાદા પણ આ દુનિયાથી વિદાય થઈ ગયા અને આપ ﷺના કાકા અબૂ તાલિબની દેખરેખમાં આપﷺને આપી દેવામાં આવ્યા. કાકાએ આપ ﷺનું સંતાનની જેમ પાલન-પોષણ કર્યું.

## તત્કાલીન યુગ અને વાતાવરણ

આપ ﷺએ જે વાતાવરણમાં આંખો ખોલી, તે અનેકેશ્વરવાદ અને મૂર્તિપૂજાથી ગ્રસ્ત હતું. તેમાં મોટી નૈતિક ખરાબીઓ અને સામાજિક બૂરાઈઓ વ્યાપ્ત હતી. દારૂનું સેવન સામાન્ય હતું. મહેફિલોમાં કૂજાઓ ખોલી દેવામાં આવતા અને તેના પર ગૌરવ લેવામાં આવતું હતું. જુગાર અને પાસાનું ચલણ આમ હતું. નગ્નતા અને વ્યભિચાર કોઈ દોષ ન'હોતા. ધંધાદારી મહિલાઓ ઝંડો લગાવીને પોતાના અડ્ડાઓ પર બેસતી હતી. લંપટ લોકો ત્યાં મોજમજા કરવા આવતા હતા. અત્યાચાર અને અતિરેક તેમજ અન્યાયની બોલબાલા હતી. કમજોરોના હક્કો ખરાબ રીતે પાયમાલ થઈ રહ્યા હતા. સ્ત્રી ખૂબ જ મજલૂમ હતી. તેના કોઈ હક્કો ન'હોતા. છોકરીઓને જીવતી દાટી દેવાની ઘટનાઓ પણ બન્યા કરતી હતી. અનાથોને કોઈ પૂછવાવાળું ન'હોતું. તેમના વાલીઓ તેમને અને તેમની સંપત્તિને પોતાની મિલ્કત સમજતા હતા. ગુલામોની સાથે પશુઓ જેવો વ્યવહાર કરવામાં આવતો હતો. લોકોમાં કબીલાનું ઘમંડ ખૂબ ઊંડે સુધી વ્યાપ્ત હતું. વાત-વાત પર લડી પડતા અને બદલાની ભાવના ભડકી ઊઠતી. તેમને પોતાના ભાષાના જ્ઞાન અને શાયરી પર ખૂબ અભિમાન હતું. તેમની શાયરીમાં શરાબ અને કબાબ, હુસ્ન અને ઇશ્કની વાતો હતી; બાપ-દાદા પર ગર્વ લેવામાં આવતો, યુદ્ધના કારનામાઓ, ઘોડાઓ, તલવારો, ભાલાઓ અને અન્ય લડાઈના સાધનોનો ઉલ્લેખ જોવા મળતો હતો. તેમાં નૈતિકતા અને સભ્યતા અને ભલમનસાઈને ભાગ્યે જ જગ્યા મળતી. હઝરત મુહમ્મદﷺના રાત-દિવસ આ તમામ ખરાબીઓથી મુક્ત પસાર થઈ રહ્યા હતા. આપ ﷺનું પવિત્ર જીવન આ ગંદા માહોલમાં શુદ્ધ અને સાફ નગીનાની જેમ ચમકી રહ્યું હતું અને આપ ﷺ એક

અત્યંત ચરિત્રવાન, પ્રમાણિક અને સત્યનિષ્ઠ વ્યક્તિની હેસિયતે ઓળખાતા હતા.

હજુ આપ ﷺ કિશોરાવસ્થામાં હતા કે આપ ﷺ ના કાકા અબૂ તાલિબ શામ (સીરિયા)ના વેપારી પ્રવાસ પર જવા નીકળ્યા. આપ ﷺ એ હઠ કરતાં આપ ﷺને પણ તેઓ પોતાની સાથે લઈ ગયા. રસ્તામાં કાફલાએ એક જગ્યાએ પડાવ કર્યો. બહીરા નામના એક સંન્યાસીએ આપ ﷺને જોઈને કહ્યું કે આ બાળકમાં એ નિશાનીઓ મોજૂદ છે, જે તૌરાત અને ઇંજીલમાં અંતિમ પયગંબરની વર્ણવવામાં આવેલ છે.

## હઝરત ખદીજા રદિ.સાથે લગ્ન

હઝરત ખદીજા રદિ. એક ધનવાન સન્નારી હતા. તેઓ પોતાનો વેપારી માલ કોઈ ને કોઈ દ્વારા મોકલ્યા કરતા અને તેનું વળતર અદા કરતા અથવા નફામાં ભાગીદાર બનાવી લેતા. અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ની સચ્ચાઈ, પ્રમાણિકતા અને નીતિમત્તા તેમજ ચરિત્રની ચર્ચાઓ તેમણે સાંભળી હતી. તેમણે નિવેદન કર્યું કે આપ ﷺ તેમનો માલ લઈ જાય, બીજા લોકોને જે વળતર આપે છે, તે તેમને તેનાથી વધારે આપશે. આપ ﷺ તેમનો માલ લઈને સીરિયાના સફર પર નીકળ્યા. તેને વેચ્યો અને મક્કાના બજાર માટે બીજી વસ્તુઓ ખરીદીને લાવ્યા. તેનાથી બમણો ફાયદો થયો. સફરમાં હઝરત ખદીજા રદિ.નો સેવક મૈસરહ પણ આપ ﷺની સાથે હતો. તેણે જોયું કે આપ ﷺ પર મહિમાવાન અલ્લાહની વિશિષ્ટ કૃપાઓ છે. તેણે હઝરત ખદીજા રદિ.ની સામે તેનો ઉલ્લેખ કર્યો. તેઓ તે બધી વાતોથી ખૂબ પ્રભાવિત થયા અને પોતાની સમૃદ્ધિ અને સંપન્નતા છતાં આપ ﷺથી લગ્નની ઇચ્છા જાહેર કરી. આપ ﷺ એ પરિવારના લોકો સાથે સલાહ-મસ્લત કરી. સૌએ તેને પસંદ કર્યું અને હઝરત ખદીજા રદિ.થી આપ ﷺના નિકાહ થઈ ગયા. હઝરત ખદીજા રદિ.ની વય ત્યારે ચાળીસ વર્ષ હતી, તેઓ વિધવા હતા અને આપ ﷺની વય પચ્ચીસ વર્ષ હતી. હઝરત ખદીજા રદિ.થી લગ્નના દસ વર્ષ પછી એક મહત્ત્વની ઘટના બની, જેનાથી આપ ﷺની લોકપ્રિયતા લોકોમાં કેટલી બધી હતી તેનું અનુમાન થાય છે.

## કુરૈશમાં આપ ﷺ ની વિશ્વસનીયતા

હઝરત ઇબ્રાહીમ અલૈ.એ ખાનએ-કા'બા (મક્કામાં આવેલ અલ્લાહના

ઘર)નું નિર્માણ કર્યું હતું. તેનો પાયો નબળો પડી ગયો હતો, તેથી કુરૈશે તેનું નવેસરથી નિર્માણ કર્યું. તે દરમ્યાન એ વાતમાં મતભેદ ઊભો થઈ ગયો કે 'હજ્રે-અસ્વદ' (ખાનએ-કા'બાની દીવાલમાં લાગેલ એક પવિત્ર કાળા પથ્થર)ને, જે હઝરત ઈબ્રાહીમ અલૈ.ની ખાસ નિશાની હતી, કોણ તેની જગ્યાએ મૂકે ? વાત ત્યાં સુધી પહોંચી કે લડાઈ-ઝઘડાની આશંકા ઊભી થઈ ગઈ. ત્યારે એક સરદારે સૂચન કર્યું કે કાલે વહેલી સવારે ખાનએ-કા'બામાં જે વ્યક્તિ સૌથી પહેલાં દાખલ થાય તેને 'હકમ' (અંતિમ નિર્ણયકર્તા) માની લેવામાં આવે. મહાન અલ્લાહની મરજી હતી કે બીજા દિવસે આપ ﷺ પહેલા વ્યક્તિ હતા, જેઓ 'હરમ' (પવિત્ર અને પ્રતિષ્ઠિત સ્થળ)માં દાખલ થયા. સૌએ આપ ﷺને જોતાં જ કહ્યું કે આપણી કોમનો 'અમીન' (સત્યનિષ્ઠ, પ્રમાણિક) આવી ગયો છે, આ જે નિર્ણય કરે તે અમને મંજૂર છે. આપ ﷺએ એક ચાદર મંગાવીને જમીન પર બિછાવી દીધી અને તેના પર હજ્રે-અસ્વદ મૂકી દીધો અને વિભિન્ન કબીલાઓના સરદારોને કહ્યું કે સૌ ચાદરનો એક-એક ભાગ પકડી લે અને પથ્થરને તેની જે જગ્યા છે ત્યાં પહોંચાડે. જ્યારે પથ્થર ત્યાં પહોંચી ગયો તો તેને આપ ﷺએ પોતાના મુબારક (શુભ) હાથોથી તેની જગ્યાએ ગોઠવી દીધો. સૌ આ નિર્ણયથી સંતુષ્ટ હતા, એટલા માટે કે તેનાથી કોઈની તરફેણ કે કોઈના અધિકારનું હનન ન થયું અને દરેક કબીલો આ સૌભાગ્યમાં ભાગીદાર હતો.

## નબૂવ્વતના પદ પર બિરાજમાન

અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ના પવિત્ર જીવનનું ચાળીસમું વર્ષ હતું. મહિમાવાન અલ્લાહે આપ ﷺને રિસાલત (ઈશદૂતત્વ)ના પદ ઉપર બિરાજમાન કર્યા. આપ ﷺ મક્કાની નજીક આવેલ 'હિરા' નામની ગુફામાં મહાન અલ્લાહની બંદગીમાં મગ્ન હતા કે અલ્લાહના ફરિશ્તા (જિબ્રઈલ અલૈ.)ને જોયા. ફરિશ્તો આપ ﷺની નજીક આવ્યો અને આપ ﷺને અલ્લાહના ગ્રંથ 'કુર્આન'ની કેટલીક આયતો સંભળાવી. તે આયતો આપ ﷺને એ રીતે કંઠસ્થ થઈ ગઈ કે હૃદય પર અંકિત થઈ ગઈ. આ કુર્આન-મજીદના અવતરણની શરૂઆત હતી. અલ્લાહના પયગંબર ﷺ માટે આ તદ્દન નવો અનુભવ હતો. મહાન અલ્લાહના ફરિશ્તાને જોવાનો અને અલ્લાહના સંદેશને સાંભળવાનો આ પહેલો પ્રસંગ હતો. આપ ﷺએ સ્વાભાવિક રીતે એક પ્રકારનો ભય અને ગભરાટ અનુભવ્યો. ઘરે

પાછા આવીને પોતાના પત્ની હઝરત ખદીજા રદિ.ની સામે આ વાતનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે મને મારા પ્રાણનો ભય લાગી રહ્યો છે. તેમણે સાંત્વના આપી અને કહ્યું કે -

''મહિમાવાન અલ્લાહ આપ ﷺને કદી કોઈ પરેશાનીમાં નહીં નાખે અને આપ ﷺનો સાથ નહીં છોડે; એટલા માટે કે આપ ﷺ સદ્‌વ્યવહાર કરો છો; (બહારથી આવનારાઓનું) આતિથ્ય કરો છો, કરજદારોનું કરજ અદા કરો છો, જેઓ વંચિત અને ગરીબ છે તેમની મદદની કોશિશ કરો છો અને મુશ્કેલીના સમયે બીજાઓના કામ આવો છો.''

હઝરત ખદીજા રદિ. તરફથી અલ્લાહના પયગંબર ﷺના ચરિત્ર અંગે આ અનાયાસ જ નિવેદન હતું. વ્યક્તિની પત્ની તેનું સૌથી વધારે યથાતથ્ય જાણનાર હોય છે અને તેના અંદરની હાલતથી સૌથી વધારે માહિતગાર હોય છે. આપ ﷺના ચરિત્ર વિશે હઝરત ખદીજા રદિ.ની આ સાક્ષી સૌથી વધારે વિશ્વસનીય સાક્ષી છે. તેથી જ આપ ﷺને અલ્લાહના પયગંબર સ્વીકારવામાં તેમને સહેજ પણ સંકોચ અને વિલંબ ન થયો. તે આપ ﷺને પોતાના પિતરાઈ ભાઈ વરકા બિન નૌફલની પાસે લઈ ગયા. તેઓ તે વખતે ખૂબ જ વૃદ્ધ થઈ ગયા હતા. તેમણે શિર્ક (અનેકેશ્વરવાદ) અને મૂર્તિપૂજા છોડીને ખ્રિસ્તી ધર્મ સ્વીકારી લીધો હતો. તેઓ ખ્રિસ્તી ધર્મના વિદ્વાન હતા. હિબ્રુ ભાષાને સારી રીતે જાણતા હતા અને ઇંજીલના શિક્ષણને પ્રત્યક્ષ રૂપે જાણી શકતા હતા. તેમણે આપ ﷺથી પહેલી 'વહી' (દિવ્ય વાણીના અવતરણ)ની સ્થિતિ અંગે જાણકારી મેળવી અને પછી કહ્યું કે આપ ﷺની પાસે એ જ ફરિશ્તો આવ્યો છે, જે પયગંબર હઝરત મૂસા અલૈ.ની પાસે આવ્યા કરતો હતો. વધુમાં કહ્યું કે આમાં તમને મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આપ ﷺની કોમના લોકો આપ ﷺને અહીંથી કાઢી મૂકશે. આપ ﷺએ આશ્ચર્યથી પૂછ્યું કે શું મારી કોમ મને કાઢી મૂકશે? તેમણે જવાબ આપ્યો, ''હા, જે માર્ગદર્શન આપ ﷺને અલ્લાહ તરફથી મળ્યું છે,-જે વ્યક્તિ પણ આ માર્ગદર્શન લઈને આવી, તેની કોમ તેની દુશ્મન બની ગઈ. જો ત્યાં સુધી હું જીવતો રહ્યો તો હું તમારી ભરપૂર મદદ કરીશ.'' પરંતુ વરકા બિન નૌફલનું તે પછી તરત જ અવસાન થઈ ગયું.

## ઈસ્લામના આમંત્રણનો સૌ પ્રથમ સ્વીકાર કરનારાઓ

અલ્લાહનો દીન (ધર્મ) પયગંબર હઝરત મુહમ્મદ ﷺ પર ધીમે-ધીમે અવતરિત થઈ રહ્યો હતો. પ્રસંગ અને પરિસ્થિતિ અનુસાર આપ ﷺને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું હતું. પરંતુ આપ ﷺના આસપાસના વાતાવરણ માટે તે અજનબી હતું. આપ ﷺએ પોતાના ખૂબ જ નજીકના વર્તુળમાં તેનો ઉલ્લેખ કર્યો અને તેને સ્વીકારવાનું આમંત્રણ આપ્યું. આપ ﷺએ પોતાના પત્ની હઝરત ખદીજા રદિ.ની સામે તેની વાત કરી. તેમને આપ ﷺની સચ્ચાઈ પર સહેજ પણ સંદેહ ન'હોતો. તેઓ તરત જ આપ ﷺ પર ઈમાન લઈ આવ્યા. એ રીતે તેમને સૌ પ્રથમ ઈમાન લાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. તે પછી આપ ﷺએ એ લોકોને, જેઓ આપ ﷺથી ખૂબ નજીક હતા અને જેમના વિશે આપ ﷺ આશ્વસ્ત હતા કે તેઓ આપ ﷺની વાત ધ્યાનથી સાંભળશે, પોતાના રસૂલ (ઈશદૂત) હોવાની જાણકારી આપી. તેમાંથી આપ ﷺના જૂના અને ગાઢ મિત્ર હઝરત અબૂ બક્ર રદિ., આપ ﷺના પિતરાઈ ભાઈ હઝરત અલી રદિ. અને આપ ﷺના મુક્ત કરેલ ગુલામ હઝરત ઝૈદ રદિ. સામેલ હતા. તેમનામાંથી કોઈને પણ આપ ﷺની વાત માનવામાં જરા સરખો સંકોચ ન થયો અને તેઓ આપ ﷺ પર ઈમાન લઈ આવ્યા. ત્રણ વર્ષ સુધી આપ ﷺ ખામોશીથી દીનનું આમંત્રણ આપતા રહ્યા અને અલ્લાહના ગ્રંથ કુર્આન-મજીદનો જે ભાગ અવતરિત થઈ રહ્યો હતો, તેને પ્રસ્તુત કરતા રહ્યા. તેના પરિણામે બીજા ઘણાં લોકો આપ ﷺ પર ઈમાન લઈ આવ્યા.

## જાહેર આમંત્રણ અને કોમની પ્રતિક્રિયા

ત્રણ વર્ષ પછી પયગંબર ﷺએ જાહેર પ્રચાર શરૂ કરી દીધો અને ખુલીને અલ્લાહના દીનનું આમંત્રણ આપવા લાગ્યા. આપ ﷺએ કુફ્ર (સત્યનો ઇન્કાર) અને શિર્કને ખોટા અને નિરાધાર ઠેરવ્યા અને દલીલોની સાથે એક અલ્લાહની બંદગી અને આજ્ઞાપાલનની કલ્પના પ્રસ્તુત કરી. સમાજમાં ફેલાયેલ ખરાબીઓ પર સખત ટીકા કરી, નબળા અને અશક્ત લોકોના હક્કમાં અવાજ ઉઠાવ્યો, ખોટી સભ્યતા અને સમાજ-વ્યવસ્થાને બદલવા, અનૈતિક વર્તન છોડવા અને નીતિમત્તાના પાબંદ બનવાની તાલીમ આપી, તથા બતાવ્યું કે મુક્તિ માટે અલ્લાહના દીનને સ્વીકારવો અને તેના આજ્ઞાપાલનમાં આવવું જરૂરી છે. આપ ﷺના આ

જાહેર આમંત્રણનો વિરોધ થવા લાગ્યો અને સમયની સાથે તેમાં સખ્તાઈ પણ આવતી ગઈ. આપ ﷺને અને આપ ﷺના સાથીઓને અકલ્પનીય કષ્ટો અને તકલીફો આપવાનું ચલણ થઈ ગયું. હઝરત બિલાલ રદિ.ને ગરમ રેત પર સૂવડાવીને ઘસડવામાં આવતા. હઝરત અમ્માર રદિ.ને એટલી બધી તકલીફો આપવામાં આવી કે જબાનથી 'અલ્લાહ વહદહૂ લા-શરીક'નું નામ લેવું પણ મુશ્કેલ બની ગયું. તેમના પિતા હઝરત યાસિર રદિ.ને ખૂબ કસોટીઓમાંથી પસાર થવું પડ્યું. તેમની માતા હઝરત સુમૈયા રદિ.ની (ઇસ્લામના દુશ્મન) અબૂ જહલે ખંજર મારીને હત્યા કરી નાખી. હઝરત ખબ્બાબ રદિ.ને અંગારાઓ પર સૂવડાવી દેવામાં આવતા, તેમની પીઠ છાલાઓ અને ફફોલાઓથી ભરાઈ જતી અને શરીરની ચરબીથી આગ ઠંડી થઈ જતી. સ્વયં અલ્લાહના પયગંબર ﷺની સાથે અશિષ્ટ વ્યવહાર કરવામાં આવી રહ્યો હતો.

## હબ્શા તરફ હિજરત

જ્યારે પરિસ્થિતિ અસહ્ય બનતી ગઈ, તો આપ ﷺએ પોતાના સાથીઓને હબ્શા (Abbyssinia, નવું નામ Ethiopia) હિજરત કરીને ચાલ્યા જવાનું સૂચન કર્યું. હબ્શાથી મક્કાવાસીઓના વ્યાપારિક સંબંધો હતા. તેથી તે તેમના માટે અજાણ્યો દેશ ન'હોતો. આમ, ઘણાં સહાબા (પયગંબર ﷺના સાથીઓ રદિ.) મક્કા છોડીને હબ્શા ચાલ્યા ગયા. પરંતુ કુરૈશે ત્યાં પણ તેમને ચેનથી બેસવા ન દીધા. પોતાના દૂતો હબ્શાના બાદશાહ નજ્જાશીની પાસે દોડાવ્યા. નજ્જાશી ખ્રિસ્તી હતો અને પોતાના ધર્મનો ખૂબ મોટો વિદ્વાન હતો. દૂતોએ તેને કહ્યું કે આ લોકો અમારા ત્યાંથી ભાગીને આવ્યા છે. તેઓ અમારા ધર્મના પણ વિરોધી છે અને ખ્રિસ્તીઓની પણ વિરુદ્ધ છે. તેમને પાછા મોકલી દેવામાં આવે. બાદશાહે હઝરત ઈસા અલૈ. વિશે મુસલમાનોની આસ્થાની જાણકારી મેળવી, તો હઝરત જા'ફર રદિ.એ તેની સ્પષ્ટતા કરી અને કુર્આનની આયત સંભળાવી. તે તેનાથી ખૂબ પ્રભાવિત થયો અને કહ્યું કે હઝરત ઈસા અલૈ. આનાથી સહેજ પણ અલગ ન'હોતા. તેણે કુરૈશના દૂતોને નિષ્ફળ પાછા મોકલી દીધા.

## શે'બે અબી તાલિબમાં ઘેરો

અલ્લાહના પયગંબર ﷺ આ તમામ પરેશાનીઓ છતાં મક્કામાં જ રહ્યા

અને ઇસ્લામના આમંત્રણ અને પ્રચારનું કર્તવ્ય અદા કરતા રહ્યા. આપ ﷺના કાકા અબૂ તાલિબે ઇસ્લામ તો ન સ્વીકાર્યો, પણ આપ ﷺની હિમાયત ચાલુ રાખી. વિરોધીઓએ ખૂબ પ્રયત્ન કર્યો કે આપ ﷺની હિમાયતથી તેઓ દૂર ખસી જાય અને આપ ﷺને તેમના હવાલે કરી દે. પરંતુ તેમણે સ્પષ્ટ ઇન્કાર કરી દીધો. જ્યારે તેમનાથી નિરાશ થઈ ગયા, તો તેમણે આપ ﷺના કબીલા બનૂ હાશિમનો સામાજિક બહિષ્કાર કરી દીધો કે તેમનાથી તમામ પ્રકારની લેવડ-દેવડ, લગ્ન-વિવાહ અને વેપારનો કોઈ વ્યવહાર કરવામાં નહીં આવે, અને ન તેમની કોઈ મદદ કરવામાં આવશે. આમ, અબૂ તાલિબના નેતૃત્વમાં બનૂ હાશિમ એક ઘાટીમાં ઘેરાઈને રહી ગયા. આશરે અઢી વર્ષ આ પ્રમાણે વીતી ગયા, તો સ્વયં તેમનામાંથી જ અમુક લોકોના પ્રયાસોથી આ બહિષ્કાર સમાપ્ત થયો. આ દરમ્યાન પણ આપ ﷺનું ઇસ્લામના આમંત્રણ અને પ્રચારનું કાર્ય ચાલુ રહ્યું.

## પરિસ્થિતિ વધારે ખરાબ થઈ

અલ્લાહના પયગંબર ﷺની નુબૂવ્વતનું નવમું વર્ષ હતું કે આપ ﷺને મે'રાજ (પયગંબર સાહેબ ﷺને ઉચ્ચ આકાશે અલ્લાહથી મુલકાત)નું સૌભાગ્ય સાંપડ્યું. મહિમાવાન અલ્લાહે આપ ﷺને એક જ રાતમાં 'બૈતુલ મુકદ્દસ' (યરૂશલમમાં આવેલ મસ્જિદ, મુસલમાનોનો પ્રથમ કિબ્લા)ની ઝિયારત (દર્શન) અને ત્યાંથી આકાશોનો પ્રવાસ કરાવ્યો. સવારે આપ ﷺએ તેનો ઉલ્લેખ કર્યો, તો આપ ﷺના નિખાલસ સહાબા રદિ.એ તેને સત્ય માન્યું અને દુરસ્ત ઠેરવ્યું, પરંતુ વિરોધીઓએ તેને મજાકનો વિષય બનાવી લીધો. આપ ﷺએ જ્યારે બૈતુલ મુકદ્દસ અને ફલસ્તીન (પેલેસ્ટાઈન)ની પરિસ્થિતિનું વિસ્તૃત વર્ણન કર્યું, તો વિરોધીઓ પાસે કોઈ જવાબ ન રહ્યો, કેમ કે સૌ જાણતા હતા કે આપ ﷺ ફલસ્તીન ક્યારેય ગયા નથી. તેમ છતાં વિરોધ યથાવત ચાલુ રાખ્યો. નુબૂવ્વતના દસમા વર્ષે અમુક દિવસોના અંતરે અબૂ તાલિબ અને હઝરત ખદીજા રદિ.નું અવસાન થઈ ગયું. હઝરત ખદીજા રદિ. સાચા અર્થમાં આપ ﷺના હમદર્દ, સહાયક અને આપ ﷺથી ઊંડી સહાનુભૂતિ ધરાવનાર હતા. અબૂ તાલિબ જીવનભર આપ ﷺની રક્ષા કરતા રહ્યા અને આપ ﷺને પીઠબળ પૂરૂં પાડતા રહ્યા. તેમની હયાતીમાં આપ ﷺના વિરુદ્ધ લોકો અત્યંત ખરાબ પગલું ઉઠાવતાં પણ ગભરાતા હતા. આ બંનેના અવસાન ખૂબ મોટી ઘટનાઓ હતી. પરંતુ આપ ﷺએ હિંમત અને સાહસની સાથે તેને સહન

કર્યું અને ઇસ્લામનું આમંત્રણ આપવાની કોશિશ ચાલુ રાખી.

જ્યારે મક્કામાં પરિસ્થિતિ અત્યંત ખરાબ થવા લાગી અને આપ ﷺના વિરોધમાં ખૂબ જ વધારે સખ્તાઈ આવી ગઈ, તો આપ ﷺ તાઇફ ગયા અને ત્યાંના સરદારોની સામે અલ્લાહનો દીન પ્રસ્તુત કર્યો. તેને સ્વીકારવા તેમજ ઇસ્લામના આમંત્રણ અને પ્રચારના અભિયાનમાં આપ ﷺનો સાથ આપવાનું નિવેદન કર્યું. પરંતુ તેમણે આપ ﷺની વાતો તરફ કોઈ ધ્યાન ન આપ્યું અને તેની હાંસી ઉડાવી. કહેવા લાગ્યા કે શું મહાન અલ્લાહને કોઈ બીજો માણસ ન મળ્યો કે તમારા જેવા નિર્ધનને પયગંબર બનાવી દીધા? અમે તમારી સાથે વાત પણ કરવા નથી માગતા. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે આપ ﷺના માટે મક્કા પાછા ફરવું મુશ્કેલ હતું. મક્કાના એક સરદારે આપ ﷺને શરણ આપ્યું ત્યારે આપ ﷺ મક્કામાં પ્રવેશી શક્યા.

મક્કામાં આવતા અરબ પ્રદેશના નામાંકિત લોકોની પયગંબર મુલાકાત કરતા અને ઇસ્લામનું આમંત્રણ આપતા. હજ્જના પ્રસંગે જુદા-જુદા આરબ કબીલાઓ મક્કા પહોંચતા. આપ ﷺ તેમની મુલાકાત કરતા, તેમની સામે ઇસ્લામનું શિક્ષણ પ્રસ્તુત કરતા, તેને કબૂલ કરવા અને ઇસ્લામના આમંત્રણ અને પ્રચારના કાર્યમાં સહયોગ આપવાની દરખાસ્ત કરતા. આપ ﷺના વિરોધીઓ આપ ﷺના વિરુદ્ધ લોકોને ભડકાવતા અને ડરાવતા-ધમકાવતા રહેતા હતા. તેમ છતાં આપ ﷺએ પોતાનાં પ્રયત્નો ચાલુ રાખ્યા.

## મદીના હિજરત

હિજાજના એક મોટા અને પ્રખ્યાત શહેર મદીનામાં ઔસ અને ખઝરજ નામના બે મોટા કબીલાઓ રહેતા હતા. અલ્લાહના પયગંબર ﷺની નુબૂવ્વતનું આ દસમું વર્ષ હતું કે હજ્જના પ્રસંગે આપ ﷺની ખઝરજના છ લોકોથી મુલાકાત થઈ. આપ ﷺએ જ્યારે તેમના સામે ઇસ્લામ પ્રસ્તુત કર્યો, તો તેમને તેના સત્ય હોવાનો વિશ્વાસ થઈ ગયો અને તેમણે ઇસ્લામ સ્વીકારી લીધો. બીજા વર્ષે હજ્જના જ પ્રસંગે મદીનાની બાર વ્યક્તિઓએ ઇસ્લામ અપનાવી લીધો. તે પછી મદીનામાં ઘરે-ઘર ઇસ્લામની ચર્ચા થવા લાગી. નુબૂવ્વતના તેરમા વર્ષે ઔસ અને ખઝરજના બોત્તેર (૭૨) લોકોનું પ્રતિનિધિ-મંડળ આવ્યું. તેમના પ્રતિનિધિઓએ આપ ﷺને મદીના આવવાનું આમંત્રણ આપ્યું અને આપ ﷺના હાથ પર 'બૈત' (શપથ) લીધી કે આપ ﷺની દરેક પ્રકારે સુરક્ષા કરીશું, આપ ﷺની મદદ અને હિમાયતમાં

કોઈ કસર નહીં રાખીએ, જાન-માલની કુર્બાની આપવા, સમય આવ્યે દુશ્મનોને જવાબ આપવા અને સામનો કરવાથી પણ પાછીપાની નહીં કરીએ. આનાથી નિવૃત્ત થઈને તેઓ ચુપચાપ મદીના પાછા જતા રહ્યા.

ત્યારબાદ આપ ﷺએ અલ્લાહની આજ્ઞાથી મદીના હિજરત કરવાનો નિર્ણય કર્યો અને પોતાના પરમ્ સાથી-મિત્ર હઝરત અબૂ બક્ર રદિ.ની સાથે રાતોરાત મક્કાથી રવાના થઈ ગયા અને ત્રણ દિવસ સુધી 'સૂર' (કે 'સૌર') નામની ગુફામાં દુશ્મનોથી છુપાઈને રોકાયા. આ બાજુ મક્કાવાસીઓએ જ્યારે જોયું કે આપ ﷺ મક્કાથી રવાના થઈ ગયા છે, તો આપ ﷺના માથાનું મૂલ્ય લગાવ્યું અને ઘોષણા કરી કે જે વ્યક્તિ મુહમ્મદ ﷺને પકડીને લાવશે તેને એકસો ઊંટ ઇનામ આપવામાં આવશે. એક વ્યક્તિએ આની લાલચમાં આપ ﷺનો પીછો કર્યો, પરંતુ તેણે જોયું કે તેના ઘોડાના પગ વારંવાર રેતમાં ખૂંપી જઈ રહ્યા છે અને તે આગળ વધી શકતો નથી, તો તેણે વિચાર્યું કે હું અલ્લાહના નેક બંદા ઉપર હાથ ઉઠાવવાનો ઇરાદો કરી રહ્યો છું, તેથી ઘોડો તેને સાથ નથી આપી રહ્યો. તેને પોતાની ભૂલ સમજાઈ, તે આપ ﷺની નજીક આવ્યો અને ઇસ્લામ સ્વીકારી લીધો.

## મદીનામાં આપ ﷺ નું સૌ પ્રથમ રોકાણ

આપ ﷺના મદીના પહોંચતાં પહેલાં જ ઔસ અને ખઝરજ કબીલાના લોકો મુસલમાન બની ગયા હતા. આપ ﷺનું મદીનામાં ભવ્ય સ્વાગત થયું. મદીના પહોંચ્યા પછી આપ ﷺએ ત્રણ મહત્ત્વના કામ કર્યા. એક તો એ કે આપ ﷺએ મદીનામાં ઈસ્લામી સમાજની સ્થાપના કરી, જેમાં ઈમાનવાળાઓ મુક્ત વાતાવરણમાં ભાઈચારા તથા પ્રેમ અને ઇસ્લામી શિક્ષણ અનુસાર જીવન વિતાવી શકતા હતા અને તેને ઈસ્લામી રાજ્યનું સ્વરૂપ આપી દીધું, જ્યાં ઈસ્લામી આદેશો અને કાનૂન લાગુ થવા લાગ્યા. બીજું કામ આપ ﷺએ એ કર્યું કે મક્કાથી આવેલ મુહાજિરો અને મદીનાના અન્સાર વચ્ચે ભ્રાતૃત્વ (Fraternity)નો સંબંધ સ્થાપી દીધો કે તેઓ એક-બીજાના ભાઈ બનીને રહે અને તેમના એ અધિકારો સ્વીકારે, જે ભાઈઓના હોય છે. ત્રીજું કામ આપ ﷺએ એ કર્યું કે મદીનાના આસપાસમાં રહેતા યહૂદી કબીલાઓથી શાંતિ-સંધિ કરી કે તેઓ પોતાની સીમાઓમાં પોતાના કાનૂન પર અમલ કરશે, મદીનાની સુરક્ષામાં મુસલમાનોને સાથ આપશે, કોઈ બાહ્ય હુમલો થાય તો તેનાથી રક્ષા કરશે અને કોઈ પણ દુશ્મનનો સહયોગ નહીં કરે.

# વિરોધ અને અદાવતો

મક્કાવાસીઓએ જ્યારે જોયું કે આપ ﷺને અને આપ ﷺના સાથીઓને આશ્રય પ્રાપ્ત થઈ ગયો છે અને મદીનાની વ્યવસ્થા આપ ﷺના નિર્દેશ અનુસાર ચાલી રહી છે, તો તેમણે તેને સમાપ્ત કરવાનો ઇરાદો કરી લીધો. તેનો સામનો આવશ્યક હતો. તેના માટે આપ ﷺને નાના-મોટા સંરક્ષણાત્મક પગલાઓ લેવા પડ્યા. તેમાં બદ્ર, ઉહદ, ખન્દક અને યહૂદીઓના કબીલાઓ બનૂ કુરૈઝા અને ખૈબરની ઘટનાઓ તેમજ મક્કા-વિજય વધારે પ્રસિદ્ધ છે, અને ઇસ્લામી ઇતિહાસનો પ્રત્યેક અભ્યાસુ તેનાથી પરિચિત છે. બદ્રનું યુદ્ધ એ પહેલું યુદ્ધ હતું, જેમાં મુસલમાનો કેવળ ત્રણસો તેર હતા અને દુશ્મનો લગભગ એક હજાર. મુસલમાનોની પાસે યુદ્ધનો સાજ-સામાન પણ નહિવત હતો અને વિરોધીઓ પૂરેપૂરી રીતે શસ્ત્રસજ્જ હતા. તેમ છતાં અલ્લાહે દુશ્મનોની ત્રણ ગણી તાકાત સામે આપ ﷺને અને આપﷺના સાથીઓને સફળતા પ્રદાન કરી. તેના એક વર્ષ પછી ઉહદની લડાઈ થઈ, જેમાં મુસલમાનોને પ્રથમ તબક્કામાં વિજય મળ્યો, પણ તે પછી હારનો સામનો કરવો પડ્યો. હિજરતના પાંચમા વર્ષે મક્કાના કુરૈશીઓ આરબના આસપાસના કબીલાઓને એકત્ર કરીને બાર હજારની સંખ્યામાં મદીના પર હુમલા માટે પહોંચી ગયા. આપ ﷺ મદીનાના રસ્તાઓ પર ખાઈઓ ખોદીને તેની સુરક્ષાનો પ્રબંધ કર્યો. એક મહિના સુધી દુશ્મનો મદીનાની બહાર પડાવ નાખીને રહ્યા. એ જ વખતે એટલી તેજ આંધી આવી કે તેઓ વેર-વિખેર થઈ ગયા અને વાસ્તવમાં એ લડાઈ જ ન થઈ.

હિજરતના તરત જ બાદ યહૂદીઓથી મદીનાની સુરક્ષાની સંધિ થઈ હતી. પરંતુ તેમણે તેનું ચોખ્ખું ઉલ્લંઘન કર્યું. મદીના પર હુમલો કરવા માટે મક્કાના કુરૈશીઓને ઉશ્કેર્યા અને તેમને દરેક પ્રકારની મદદ કરી. તેની સાથે પયગંબરﷺને શહીદ કરવાનું ષડ્યંત્ર રચ્યું. તેના જવાબમાં તેમના વિરુદ્ધ કેટલીક યુદ્ધ કાર્યવાહીઓ કરવામાં આવી. થોડાંક પ્રતિરોધ પછી તેમણે હાથ હેઠા મૂકી દીધા. પક્ષકારોનું નામ માત્રનું નુકસાન થયું. મક્કાનો વિજય ઇસ્લામી ઇતિહાસની સૌથી મહત્ત્વની ઘટના છે. હિ.સ. ૬ માં અલ્લાહના પયગંબર અને મક્કાના કુરૈશ વચ્ચે દસ વર્ષ માટે નાયુદ્ધ સંધિ થઈ હતી. તેમાં અમુક કબીલાઓએ મુશ્‌રિકોનો સાથ આપ્યો, તો બીજાઓએ મુસલમાનો સાથે એકતા સાધી. મક્કાના કુરૈશીઓએ તેનું ઉલ્લંઘન

કર્યું અને આપ ﷺના સહયોગી કબીલા પર હુમલો થયો, તો તેઓ તે હુમલામાં સામેલ થઈ ગયા. તેના સામે આપ ﷺ દસ હજાર જાંનિસાર સાથીઓ સાથે અચાનક મક્કા પહોંચી ગયા. કુરૈશે ભયભીત થઈને હથિયાર નાખી દીધા અને કોઈ લડાઈ વગર મક્કા ફતેહ થઈ ગયું અને સમગ્ર અરબસ્તાન આધીન થઈ ગયું.

## પવિત્ર જીવન અને સર્વોત્તમ ચરિત્ર

આ છે એ યુદ્ધોની વાસ્તવિકતા, જેનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે અને દુનિયા પર અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ ﷺના જે મહાન ઉપકારો છે, તેનાથી ધ્યાન વિચલિત કરવા અને તેના પર પરદો નાખવાનો પ્રયાસ કરવામાં આવે છે. જે વ્યક્તિ નિષ્પક્ષ રીતે આપ ﷺના જીવન-ચરિત્રનું અધ્યયન કરશે, તે એ વાતનો સ્વીકાર કરવા માટે વિવશ હશે કે આપ ﷺએ આસ્થા અને આચરણ, માનવો દરમ્યાન ભ્રાતૃભાવ, કમજોરોના અધિકારોની રક્ષા તેમજ ન્યાય અને સમાનતાની ઉચ્ચ અને શ્રેષ્ઠ કલ્પના જ નહિં, બલ્કે દુનિયાને તેનાથી પરિચિત કરાવવા, તેને ફેલાવવા અને પ્રચલિત કરવા તથા વ્યવહારિક રીતે તેને સ્થાપિત કરવા માટે નિરંતર જે કોશિશ અને સંઘર્ષ કર્યો અને કુર્બાની આપી, તેનું ઉદાહરણ ઇતિહાસના પૃષ્ઠોમાં શોધ્યે નહીં જડે. આ માર્ગમાં આપ ﷺનું ધૈર્ય અને અડગતા, ધીરજ અને સહનશીલતા, ક્ષમા અને દરગુજર, ત્યાગ અને બલિદાન, ઉચ્ચ નીતિમત્તા અને પવિત્ર વ્યક્તિત્વ એ પ્રકાશપૂંજ છે, જેનાથી સત્ય અને ન્યાયના માર્ગે ચાલનારાઓ પ્રલય-પર્યંત પ્રકાશ મેળવતા રહેશે. આપ ﷺએ દુનિયાને બતાવ્યું કે એક ઉચ્ચ લક્ષ્ય અને પવિત્ર ઉદ્દેશ્ય કાજે પવિત્ર વ્યક્તિત્વ અને સર્વોત્તમ ચરિત્ર પણ આવશ્યક છે. તેના વગર ધ્યેય સિદ્ધ થઈ શકતું નથી.

આપ ﷺએ જ્યારે રિસાલત (ઈશદૂતત્વ)ની જાહેરાત કરી અને મહિમાવાન અલ્લાહનો જે દીન (પૂર્ણ જીવન-વ્યવસ્થા) અવતરિત થઈ રહ્યો હતો તેને પ્રસ્તુત કર્યો, તો એ જ લોકો, જેઓ આપ ﷺના પ્રશંસનીય ગુણોના ગુણગાન કરી રહ્યા હતા અને આપ ﷺને 'સાદિક' (સત્યનિષ્ઠ) અને 'અમીન' (અત્યંત પ્રમાણિક)ના ઉપનામથી યાદ કર્યા કરતા હતા, આપ ﷺના સખત વિરોધી બની ગયા અને આપ ﷺની સાથે ખરાબમાં ખરાબ વ્યવહાર કરવા લાગ્યા. આપ ﷺના શિક્ષણને એમ કહીને ઠુકરાવી દીધું કે આ કેવળ શાયરી અને કવિતા છે, આનાથી પહેલાં પણ કેટલાય શાયરો અને કવિઓ થઈ ગયા છે, તેઓ પણ દુનિયાથી ચાલ્યા ગયા;

જ્યારે કે તે વખતની શાયરી અને તેના વિષયો અને તેની શૈલી બધાને ખબર હતી. ગૌરવશાળી કુર્આન તેનાથી તદ્દન ભિન્ન હતું. આપ ﷺ અલ્લાહનો કલામ પ્રસ્તુત કરી રહ્યા હતા, તેમાં અસાધારણ પ્રભાવ હતો અને હૃદય અનાયાસ તેના તરફ આકૃષ્ટ થઈ જતા હતા. તેના માટે તે લોકો આપ ﷺને જાદુગર અને સંમોહક કહ્યા કરતા હતા; જ્યારે કે જાદુગર આસ્થા અને આચરણની સુધારણા માટે ઊઠતા નથી. આપ ﷺને કથાકાર અને વાર્તાકાર કહેવામાં આવ્યા, જ્યારે કે આપ ﷺ જાતિઓ અને સમુદાયોની ઉન્નતિ અને પડતીના સિદ્ધાંતોનું વર્ણન કરી રહ્યા હતા; ત્યાં સુધી કે આપ ﷺને 'મજનૂ' (ઉન્મત્ત) અને પાગલ કહેવામાં પણ તેમને કોઈ શરમ-સંકોચ ન થયો. આ નિર્લજ્જ, અસભ્ય અને અશિષ્ટ વાતોના જવાબમાં પાછા વળીને આપ ﷺએ કદી એમ ન કહ્યું કે તમે જે શાયરી અને કથા-વાર્તાઓ કરી રહ્યા છો, તે તમારા મગજે ઉપજાવી કાઢેલ બકવાટ અને વાહિયાત વાતો છે, અને તમે પાગલ અને મૂર્ખ છો કે સત્ય અને વાસ્તવિકતાનો ઇન્કાર કરી રહ્યા છો, બલ્કે આપ પોતાની વાત હકારાત્મક શૈલીમાં પ્રસ્તુત કરતા રહ્યા.

અલ્લાહના પયગંબર હઝરત મુહમ્મદ ﷺને કેવળ માનસિક તકલીફો જ પહોંચાડવામાં ન આવી, બલ્કે આપ ﷺને ઈજા પહોંચાડવા અને પરેશાન કરવાની પણ કોશિશ કરવામાં આવતી હતી.

આપ ﷺના પાડોશી રાત્રે આપ ﷺના ઘરની સામે ગંદકી ફેંકી જતા. આપ ﷺ સવારે બહાર નીકળીને જ્યારે ગંદકી જોતા, તો તેને દૂર હટાવી દેતા અને પોતાના પાડોશીઓને ફક્ત એટલું જ કહેતા કે તમે મારા પાડોશી જ નહિં, સંબંધી પણ છો; છેવટે આ કેવું વર્તન છે તમારૂં ? દુનિયાએ પણ એ જોયું કે આપ ﷺ નમાઝમાં મહિમાવાન અલ્લાહના દરબારમાં સિજદામાં છે અને મુબારક પીઠ ઉપર ઊંટની ઓઝરી નાખી દેવામાં આવે છે. ક્યારેક પરસાળમાં ભોજન તૈયાર થતું તો તેમાં ગંદી વસ્તુઓ નાખી દેવામાં આવતી, આપ ﷺ ચુપચાપ તેને બહાર લઈ જતા અને ફેંકી દેતા.

એક વખતે માથા પર માટી નાખી દેવામાં આવી. ઘરે પધાર્યા તો સુપુત્રી ફાતિમા રદિ. રડી-રડીને આપ ﷺનું માથું ધોવા લાગ્યા. આપ ﷺએ સાંત્વના આપી : દીકરી! રડ નહીં, મહાન અલ્લાહ તારા પિતાની રક્ષા કરશે.

એક પ્રસંગે અલ્લાહના પયગંબર કા'બામાં નમાઝ પઢી રહ્યા હતા. ઈસ્લામનો વિરોધી ઉકબા બિન અબી મુતીઅ આગળ વધ્યો અને આપ ﷺની

ગરદનમાં ચાદર નાખીને ખરાબ રીતે ગળું ટૂંપવા લાગ્યો. હઝરત અબૂ બક્ર રદિ. ત્યાં હાજર હતા. તેમણે આ અત્યાચારીને ધક્કો મારીને દૂર હટાવ્યો અને કહ્યું કે આ વ્યક્તિનો ગુનો શું છે ? શું માત્ર એ આધારે તેને જાનથી મારી નાખશો કે તે અલ્લાહને પોતાનો રબ (પ્રભુ-પાલનહાર) કહે છે ? આ ખેંચતાણમાં હઝરત અબૂ બક્ર રદિ.ને પણ માથા પર ઈજા થઈ.

તાઇફના લોકોને આપ ﷺએ ઇસ્લામનું આમંત્રણ આપ્યું, તો તેમણે તેને માનવાનો સ્પષ્ટ ઇન્કાર કરી દીધો. આપ ﷺ નિરાશ થઈને પાછા જવા લાગ્યા, તો ત્યાંના નવયુવાનોને આપ ﷺના પાછળ લગાવી દેવામાં આવ્યા. તેઓ રસ્તાની બંને તરફ એકઠા થઈને આપ ﷺની હાંસી ઉડાવતા અને જેવા આપ ﷺ આગળ વધતા, આપ ﷺના પગ પર પથ્થરો મારતા હતા. આનાથી આપ ﷺના બંને પગ લોહીલુહાણ થઈ ગયા અને આપ ﷺને બચાવવાની કોશિશમાં આપ ﷺના મુક્ત કરેલ ગુલામ હઝરત ઝૈદ બિન હારિસા રદિ. પણ, જેઓ આપ ﷺની સાથે હતા, જખ્મી થઈ ગયા. આપ ﷺ બેભાન થઈ ગયા. આ હાલતમાં અલ્લાહનો ફરિશ્તો પ્રગટ થયો અને તેણે કહ્યું કે તાઇફવાસીઓએ આપ ﷺની સાથે જે વ્યવહાર કર્યો છે તેને અલ્લાહે જોઈ લીધો. આપ ﷺ કહો તો તાઇફની બંને પહાડીઓને એ રીતે ભેગી કરી દઉં કે તેની વચ્ચે તે પીસાઈને રહી જાય. આપ ﷺ એ ફરમાવ્યું : હું આવું નથી ઇચ્છતો. જો આ લોકો ઈમાન નથી લાવી રહ્યા, તો મને આશા છે કે તેમની સંતાનો ઈમાન લાવશે અને એક માત્ર અલ્લાહની બંદગી કરશે.

મક્કા ફતેહ થયું, તો એ લોકો, જેમણે આપ ﷺ પર અને આપ ﷺના સાથીઓ પર અત્યાચારના પહાડ તોડ્યા હતા, પોતાનું વતન મક્કા છોડવા મજબૂર કર્યા હતા, જેઓ નિરંતર આપ ﷺનો વિરોધ કરતા રહ્યા અને છેવટે જેમનાથી આપ ﷺને યુદ્ધ પણ કરવું પડ્યું, તેઓ આપ ﷺની સામે નત્મસ્તક હતા. આપ ﷺ ઇચ્છતા તો તેમનામાંથી એક-એકથી બદલો લઈ શકતા હતા. આપ ﷺએ તેમને પ્રશ્ન પૂછ્યો : બતાવો, હું તમારા સાથે કેવો વ્યવહાર કરીશ ? તેઓ દુશ્મન હોવા છતાં આપ ﷺના ચરિત્ર અને વ્યક્તિત્વથી પરિચિત હતા. તેમણે કહ્યું : આપ ﷺ સજ્જન વ્યક્તિ છો અને સજ્જન ભાઈની સંતાન છો. આપ ﷺ એ ફરમાવ્યું : જાવ, આજે તમે સૌ આઝાદ છો. તમારી કોઈ પૂછપરછ નહીં થાય. આ ઘોષણા સાંભળતાં જ તેમને એવું લાગ્યું, જાણે મોતના મુખમાંથી નીકળીને આવ્યા હોય ! તે પછી તે સૌ ઇસ્લામમાં દાખલ થઈ ગયા.

## માનવતાના સૌથી મોટા ઉપકારક

આ હતા અલ્લાહના અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ ﷺ ! જે વ્યક્તિ આપ ﷺના જીવનને, આપ ﷺના શિક્ષણ અને માનવ-જાતના કલ્યાણ માટે આપ ﷺના સંઘર્ષ અને કોશિશને જોશે, તેનું હૃદય અનાયાસ પોકારી ઊઠશે કે આપ ﷺ અલ્લાહના સાચા પયગંબર અને માનવતાના સૌથી મહાન ઉપકારક હતા.

## હઝરત મુહમ્મદ ﷺનું શિક્ષણ

મહાન અલ્લાહે હઝરત મુહમ્મદ ﷺ પર જે ગ્રંથ અવતરિત કર્યો, તે કુર્આન-મજીદ છે. આપ ﷺએ પોતાના વાણી અને વર્તનથી તેની જે સમજૂતી આપી, તેને 'સુન્નત' કહે છે. કુર્આન અને સુન્નતને ઈસ્લામ કહેવામાં આવે છે. આપ ﷺનો આ જગત પર સૌથી મોટો જે ઉપકાર છે, તે એ છે કે આપ ﷺએ જગતને સાચી આસ્થા અને સાચી વિચારધારા આપી, ઉચ્ચ નૈતિક મૂલ્યો પ્રદાન કર્યા, ન્યાય અને સમાનતા પર આધારિત કાનૂન આપ્યા, પવિત્ર સભ્યતા અને સમાજ વ્યવસ્થાનો પરિચય કરાવ્યો અને એક એવી જીવન-વ્યવસ્થા અર્પણ કરી, જેમાં મનુષ્યનું કલ્યાણ અને સફળતા છુપાયેલ છે. અહીં આપ ﷺનું કેટલુંક શિક્ષણ પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે :

(૧) માનવીની સામે હંમેશાં એ પ્રશ્ન રહ્યો છે કે આ સૃષ્ટિ કેવી રીતે અસ્તિત્વમાં આવી? શું તે આમ જ ચાલતી રહેશે કે ક્યારેક સમાપ્ત પણ થઈ જશે? તે અહીં જીવન કેવી રીતે વિતાવે ? તેનો કોઈ નિશ્ચિત માર્ગ છે કે પછી તેને આમ જ ભટકવા માટે છોડી દેવામાં આવ્યો છે ? તેના સારા કે ખોટા કર્મોનો નિર્ણય ક્યારે થશે ? તેનું કોઈ પરિણામ ક્યારેય સામે આવશે કે નહીં ? આ પ્રશ્નોના સાચા જવાબોથી માનવીનું જીવન સાચી દિશામાં ચાલવા લાગે છે અને જો જવાબ ખોટો હોય તો તેના જીવનની દિશા પણ ખોટી થઈ જાય છે.

અલ્લાહના પયગંબર ﷺના શિક્ષણમાં આ તમામ પ્રશ્નોના સ્પષ્ટ જવાબ મળે છે. તે એ કે આ દુનિયા સ્વયં આપોઆપ અસ્તિત્વમાં આવી નથી અને ન તેને ઘણી બધી હસ્તીઓએ મળીને પેદા કરી છે, બલ્કે તેને એક

અલ્લાહે પેદા કરી છે. તે જ તેને ચલાવી રહ્યો છે. તે એકલો છે, તેનો કોઈ સમકક્ષ કે ભાગીદાર નથી. એ જ મનુષ્યનો સૃષ્ટા, સ્વામી અને પાલનહાર છે. તેણે મનુષ્યોના માર્ગદર્શન અને નિર્દેશ માટે પોતાના સંદેશવાહકો મોકલ્યા. જે વ્યક્તિ તેમનું અનુસરણ કરશે તે સીધા માર્ગ પર ચાલતી રહેશે અને સફળતા પામશે, અને જે વ્યક્તિ તેનાથી વિચલિત થશે, તેને નિષ્ફળતા અને નિરાશાનો સામનો કરવો પડશે. આ દુનિયા, જેમાં મનુષ્યને આસ્થા અને આચરણની સ્વતંત્રતા પ્રાપ્ત છે, એક દિવસે નાશ પામશે અને એક અનંત, અનશ્વર અને હંમેશાં રહેવાવાળી દુનિયા અસ્તિત્વમાં આવશે. તે વખતે દરેક વ્યક્તિ પોતાના આચાર-વિચારનું ઈનામ કે સજા મેળવશે. જેણે અલ્લાહને માનીને તેના આજ્ઞાપાલનનો માર્ગ અપનાવ્યો હશે, તેને સર્વશ્રેષ્ઠ વળતરથી નવાજવામાં આવશે અને જેણે તેનાથી વિદ્રોહ અપનાવ્યો હશે, તેને સૌથી ખરાબ યાતનાથી કોઈ બચાવી શકશે નહીં.

(૨) આ દુનિયામાં મનુષ્યો જુદા-જુદા પરિવારો અને ભિન્ન-ભિન્ન જાતિઓમાં વહેંચાયેલા છે. તેમના વચ્ચે બીજા પણ ઘણા ભેદો છે. આ ભેદો અને ફરકને પ્રતિષ્ઠા અને અપમાનના માપદંડો સમજવામાં આવે છે. અલ્લાહના પયગંબર ﷺ એ બતાવ્યું કે તમામ માનવો એક છે, એટલા માટે કે સૌ એક માતા-પિતાના સંતાન છે. તેમના દરમ્યાન જે ભેદો છે, તે અવાસ્તવિક છે, તે સન્માન અને અપમાનનું માપદંડ નથી. તેનું માપદંડ 'તકવા' (ઈશભય, સંયમ) અને 'ખુદાતરસી' (ઈશનિષ્ઠા) છે. પ્રતિષ્ઠિત અને સન્માનનીય એ છે જે ઈશનિષ્ઠ અને તેની આજ્ઞાઓનો પાબંદ હોય. આપ ﷺ એ આ સંદેશ સંભળાવ્યો : ''હે લોકો ! અમે તમને એક પુરુષ અને એક સ્ત્રીથી પેદા કર્યા અને તમારા વિભિન્ન પરિવારો અને કબીલાઓ બનાવી દીધા, જેથી તમે એક-બીજાને ઓળખી શકો. તમારામાં સૌથી વધારે શ્રેષ્ઠ એ છે, જે સૌથી વધારે અલ્લાહથી ડરે છે. અલ્લાહ સર્વજ્ઞ અને સુમાહિતગાર છે.'' (કુર્આન, સૂરઃ હુજુરાત, આ. ૧૩)

આ એ વાતની ઘોષણા હતી કે દુનિયાની કોઈપણ વ્યક્તિને તેના રંગ-વર્ણ અને વંશ તથા દેશ અને કોમ (જાતિ) કે આ પ્રકારના અન્ય ભેદોના આધારે ઊંચ કે નીચ ઠેરવવામાં નહીં આવે. આ પ્રકારનો ભેદ અને ફરક અવિશ્વસનીય અને અસ્વીકાર્ય છે.

(૩) દરેક બાજુ માનવ-અધિકારો પાયમાલ થઈ રહ્યા છે, બલ્કે સાચી વાત તો એ છે કે પહેલાં તો માનવ-અધિકારોથી જ જગત અપરિચિત હતું. અલ્લાહના પયગંબર ﷺએ તેની સ્પષ્ટ કલ્પના આપી અને મનુષ્યના પ્રાણ, સંપત્તિ તથા ઇજ્જત-આબરૂને પ્રતિષ્ઠિત અને સન્માનનીય ઠેરવ્યા.

દરેક વ્યક્તિને જીવનનો અધિકાર છે. કુર્આન મજીદ કહે છે -

''જેણે કોઈ એક મનુષ્યની હત્યા કરી, જ્યારે કે તેણે ન તો નાહક કોઈની હત્યા કરી હોય અને ન બગાડ અને ઉપદ્રવ આચર્યો હોય, તો તેણે જાણે જમીનના તમામ મનુષ્યોની હત્યા કરી નાખી.'' (સૂરઃ માઇદહ, આ. ૩૨)

આપ ﷺએ બતાવ્યું કે દરેક વ્યક્તિ પ્રતિષ્ઠિત છે. તેથી તેને આર્થિક પ્રયત્ન અને સારૂં જીવન વિતાવવાનો હક્ક પ્રાપ્ત છે. તેને અપમાનિત અને હીણ જીવન વિતાવવા માટે મજબૂર કરી શકાતો નથી.

મહિમાવાન અલ્લાહ ફરમાવે છે :

''અમે આદમની સંતાન (અર્થાત્ મનુષ્ય)ને પ્રતિષ્ઠા આપી અને તેમને જમીન અને પાણીમાં સવારીના સાધનો આપ્યા અને તેમને શુદ્ધ વસ્તુઓમાંથી રોજી આપી અને પોતાની અનેક મખ્લૂકો (સર્જનો) ઉપર સ્પષ્ટ શ્રેષ્ઠતા આપી.'' (કુર્આન, સૂરઃ બની ઇસરાઈલ, આ. ૭૦)

આ એ વાતની સ્પષ્ટતા છે કે જમીનમાંથી, સમુદ્રમાંથી અને અહીંના વાતાવારણથી ફાયદો ઉઠાવવા અને ઉત્તમ જીવનયાપન કરવાનો દરેક મનુષ્યને અધિકાર છે. તેનાથી તેને વંચિત કરી શકાતો નથી.

(૪) અલ્લાહના પયગંબર ﷺએ સમાજના નબળાં અને અસમર્થ લોકોં તથા વર્ગો પર અત્યાચાર અને અતિરેકની ફકત મનાઈ જ નથી ફરમાવી, બલ્કે તેમના અધિકારો નિર્ધારિત કર્યા અને સમાજને તેમના અધિકારો પૂરા કરવા માટે પાબંદ બનાવ્યો.

સ્ત્રીઓના અધિકારો વિશે આપ ﷺનું ફરમાન છે કે –

''તમે જે ખાવ તે તેમને ખવડાવો અને જે પહેરો (એ જ ધોરણનું) તેમને પહેરાવો. તેમને મારઝૂડ ન કરો અને ખરૂં-ખોટું ન કહો.''

આપ ﷺ એ ફરમાવ્યું : ''તમારામાંથી સૌથી ઉત્તમ એ લોકો છે, જેઓ પોતાના પત્ની-બાળકોની સાથે ઉત્તમ વ્યવહાર કરતા હોય.''

ગુલામો, આધીન અને હાથ નીચેના લોકો અર્થાત્ નોકર-ચાકરો અને

સેવકોના પણ કેટલાક હક્કો હોય છે પહેલાં તો એવું સમજવામાં જ આવતું ન'હોતું. આપ ﷺએ ફરમાવ્યું :

''તેઓ તમારા ભાઈ છે. તમે જે ખાવ તે તેમને પણ ખવડાવો, જે પહેરો તેમને પણ તે પહેરાવો, તેમના ઉપર કામનો એટલો બોજ ન નાખો કે તેઓ તે ઉઠાવી ન શકે. જો તેમની શક્તિ બહારનું કામ હોય તો તેને પૂરૂં કરવામાં તેમની મદદ કરો.''

આપ ﷺએ કમજોરો અને અસમર્થ લોકોના હક્ક માટે ફકત શિખામણ અને ઉપદેશથી જ કામ ન લીધું, બલ્કે તેમને કાનૂની અધિકારો અર્પણ કર્યા.

**અલ્લાહના પયગંબર ﷺએ મહાન અલ્લાહ તરફથી જે શિક્ષણ પ્રસ્તુત કર્યું તેનું એક ઉદાહરણ આ પ્રમાણે છે :**

"તારા રબ (પ્રભુ-પાલનહાર)નો ફેંસલો છે કે તમે ફકત તેની ઉપાસના કરો અને માતા-પિતા સાથે સારો વ્યવહાર કરો. તેઓ વૃદ્ધત્વને પહોંચી જાય તો તેમને ઊંહકારો પણ ન કહો, ધુત્કારો નહીં અને ઠપકો ન આપો, અને તેમની સાથે સભ્યતા અને શિષ્ટતાથી વાત કરો, તેમની સામે સહાનુભૂતિથી નમીને રહો અને તેમના માટે દુઆ કરતા રહો કે, પાલનહાર! જે રીતે તેમણે મારૂં બાળપણમાં પાલન-પોષણ કર્યું તો તુ તેમના ઉપર પણ દયા કર... નજીકના સગાઓ, ગરીબો અને મુસાફરોના હક્ક અદા કરો. ફુઝૂલ (નકામા, બિનજરૂરી) ખર્ચથી બચો, ફુઝૂલખર્ચ કરનારાઓ શૈતાનના ભાઈ હોય છે... સમયસર તેમની મદદ ન કરી શકતા હોવ તો સારી રીતે તેમની માફી માગી લો. જો આશા હોય કે ભવિષ્યમાં મદદ કરી શકશો (તો નિરાશ ન કરો). અલ્લાહ જેની રોજી ચાહે છે વિશાળ કરી દે છે અને જેને ઓછું આપવા ચાહે છે તેને ઓછું આપે છે. બંદાઓની સ્થિતિથી તે વાકેફ છે. પોતાના સંતાનની નિર્ધનતા અને ગરીબીના ભયથી હત્યા ન કરો, અમે તેમને પણ રોજી આપીશું અને તમને પણ આપીશું. તેમની હત્યા એક ઘોર અપરાધ છે. નિર્લજ્જતા અને વ્યભિચારના નજીક પણ ન ફરકો. તે ઘણું જ ખરાબ કૃત્ય છે અને ઘણો જ ખરાબ માર્ગ છે. અલ્લાહે મનુષ્યને પ્રતિષ્ઠિત ઠેરવ્યો છે, તેથી તેની હત્યા ન કરો, સિવાય કે હક્ક અને ન્યાયનો તકાદો હોય. નાહક અને અત્યાચારની સાથે કોઈની હત્યા કરવામાં આવી હોય તો તેના 'વલી' (સંરક્ષક, વાલી)ને કિસાસ (હત્યાદંડ) કે દિયત (હત્યાનો અર્થ-દંડ) લેવા અને માફ કરી દેવાનો

અધિકાર છે. આ મામલામાં તેમની સહાય કરવામાં આવશે. અનાથના માલની નજીક પણ ન ફરકો, પરંતુ ઉત્તમ રીતે પોતાની સેવાનું વળતર લઈ શકો છો. જ્યારે તે સમજદારીની ઉંમરે પહોંચી જાય તો તેનો માલ તેના હવાલે કરી દો. વચન અને કોલ-કરારનું પાલન કરો. નિઃશંક વચન વિષે અલ્લાહના ત્યાં સવાલ થશે. માપ-તોલમાં કમી ન કરો, માપીને આપો તો પૂરૂં આપો, તોલો તો ત્રાજવું બરાબર રાખો. (વ્યવહારમાં) આ રીત સારી અને પરિણામની દૃષ્ટિએ વધારે ઉત્તમ છે. જેનું તમને જ્ઞાન ન હોય, કોઈ એવી વસ્તુની પાછળ ન પડો. યાદ રાખો! આંખ, કાન અને હૃદય દરેક વિશે અલ્લાહને ત્યાં પૂછપરછ થવાની છે. જમીનમાં છાતી કાઢીને ન ચાલો, તમે ન તો જમીનને ફાડી શકો છો, ન તો પર્વતોની ઊંચાઈએ પહોંચી શકો છો. આ વાતો અલ્લાહના નજીક નાપસંદ છે.''

(કુર્આન, સૂરઃ બની ઇસરાઈલ, આ. ૨૩-૩૮)

કુર્આન મજીદ, જે અલ્લાહના પયગંબર ﷺ પર અવતરિત થયું, આ તેના શિક્ષણની એક ઝાંખી છે. તેમાં નીતિમત્તા અને કાનૂનનો જે સુભગ સંગમ છે, તેનું કોઈ અન્ય ઉદાહરણ ભાગ્યે જ કોઈ અન્ય જગ્યાએ મળી શકે.

•••